# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

**મુખ્ય ઇજનેરશ્રીની કચેરી, ઝોન-૧,** "જલસેવા ભવન", ત્રીજો માળ, ગેરી કેમ્પસ, રેસકોર્સ, વડોદરા-૦૭

ફોન : ૯૯૧૮૪૪૧૧૦૭/૦૮ ફેક્સ નં:- ૦૨૬૫-૨૩૩૩૦૯૧ Email : cezone1@gmail.com


જા.નં. પીબી/ઝોન-૧/જનરલ/ ૫૧ ~~તા. ૯-૧-૧૩~~ તા. ૩/૧/૨૦૧૪


Inward No. 234
Registry Branch
G. W. S. S. BOARD
CAO 11-9 JAN 2014
MS
Chairman
Marking


**પ રિ પ ત્ર**

**વિષય : પાઇપ લાઇન એનકેસીંગની પધ્ધતિમાં સુધારો કરવા બાબત.**

અત્રેની કચેરીના ધ્યાને આવેલ છે કે, ક્ષેત્રિય કચેરીઓ ધ્વારા Scour Depth ને નજરઅંદાજ કરી હાલ પાઇપ લાઇન એનકેસીંગની જે પધ્ધતિ અખત્યાર કરવામાં આવી રહેલ છે તેના કારણે ચોમાસાની ઋતુમાં પાણીના વહેણના લીધે પાઇપ લાઇનનું એનકેસીંગ કરેલ હોવા છતાં પાઇપ લાઇનનું ધોવાણ થાય છે. અને ગામોને આપવામાં આવતો પાણી પુરવઠો ખોરંભે પડે છે. જેને પુનઃ કાર્યાન્વીત કરવા માટે પણ સમય અને નાણાંનો વ્યય થાય છે. ખડકાળ વિસ્તારના કોતરમાં પણ વધુ ઉંડાઇએ પાઇપ લાઇન ન નાંખી શકવાના કારણે પાઇપ લાઇનના ધોવાણની શકયતા રહેતી હોય છે. જેના નિવારણ અર્થે પાઇપ લાઇન એનકેસીંગ માટે નીચે મુજબની પધ્ધતિનો અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

(૧) એનકેસીંગ કરતાં પહેલાં જે તે નદી / કોતરની Scour Depth મેળવી ઓછામાં ઓછું ૬ ઇંચ [illegible] Scour Depth ની નીચે પાઇપ લાઇન નાંખી તેને ફરતે એનકેસીંગ કરવાનું રહેશે.

(૨) ઉપયોગમાં લેવાની પાઇપ એમ.એસ અથવા વેલ્ડેડ સી.આઇ. પાઇપ લેવાની રહેશે પરંતુ ડી.આઇ. અથવા Non Metallic પાઇપ વાપરવી નહિ અથવા એમ.એસ. પાઇપનો કેસીંગ પાઇપ તરીકે ઉપયોગ કરી તેની અંદરથી વોટર મેઇન પાઇપ લાઇન નાંખવાની રહેશે.

(૩) ખડકાળ વિસ્તારના કોતરમાં પાઈપ લાઈન લેઈંગ વખતે પાઈપ લાઈન એલાઈનમેન્ટમાં દર ૩ – ૩ મીટરે બંને બાજુ ૧૬ મી.મી. વ્યાસના સળિયા Scour Depth થી મીનીમમ ૬ ઈંચ નીચે સુધી ડ્રીલ કરી ચીપીયો બનાવી તેના ઉપર ૪ ઈંચનું ફલશ કોક્રીટ કરવાનું રહેશે. ( ડ્રોઈંગ આ સાથે સામેલ છે. )

સદરહુ આદેશનો અમલ તાત્કાલીક ધોરણે હાથ ધરવાનો રહેશે.

( એન. એમ. પટેલ )
મુખ્ય ઈજનેર.

પ્રતિ,
અધિક્ષક ઈજનેરશ્રી,
જાહેર આરોગ્ય વર્તુળ,
વડોદરા/સુરત/વલસાડ/ ગોધરા

- નકલ સાદર રવાના પ્રતિ, મા.સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- નકલ સાદર રવાના પ્રતિ, મુખ્ય ઈજનેરશ્રી,મોની. પ્લા. બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- નકલ રવાના પ્રતિ, અધિક્ષક ઈજનેરશ્રી,ટેકનીકલ સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- નકલ રવાના પ્રતિ, કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ . . . . (સર્વે) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
- નકલ રવાના પ્રતિ, શ્રી . . . . . . . . . . . ના.કા.ઈશ્રી, (સીવીલ) (સર્વે), ઝોન-૧, વડોદરા તરફ જાણ સારું.
- નકલ માસ્ટર ફાઈલ.


Profile of C.C. match with original rocky ground.
KOTAR
ROCK STRATA
C.C. 1: 1½: 3
15 CM
15CM.
16 MM ϕ CHIPIYA @ EVERY 3 MT INTERVAL
MIN^m. 45CM.
SOIL, SAND BOULDER STRATA
SCOUR DEPTH
PIPE
C.C. 1: 1½: 3

296